# Official Spokesperson's response to media queries on recent developments along the Armenia-Azerbaijan border

May 19, 2021

---

# આર્મેનિયા-અઝરબૈજાન સરહદે તાજેતરની ઘટનાઓ અંગે મીડિયાના પ્રશ્નો પર સત્તાવાર પ્રવક્તાનો ઉત્તર

મે 19, 2021

**તાજેતરમાં આર્મેનિયા-અઝરબૈજાન સરહદે થયેલી ઘટનાઓ અંગે મીડિયાના પ્રશ્નો પર પ્રતિભાવ આપતા સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું હતું કેઃ**

"આર્મેનિયા-અઝરબૈજાન સરહદે થઈ રહેલી ઘટનાઓ પર અમે ચિંતાપૂર્વક નજર રાખી રહ્યા છીએ. સૈન્ય હિલચાલ દ્વારા સરહદી ઘુસણખોરીથી પરિસ્થિતિ અસંતુલિત થઈ શકે છે અને નવી દુશ્મનાવટ પેદા થઈ શકે છે. અમે ઘુસણખોરી કરનારા પક્ષને પોતાના દળો તાત્કાલિક પાછા ખેંચી લેવા અને હવેથી કોઈ ઉશ્કેરાટ ન ફેલાવવા માટે હાકલ કરીએ છીએ. ભારતે હંમેશાથી દ્વિપક્ષીય વિવાદનો રાજકીય અને રાજદ્વારી પગલાં દ્વારા શાંતિપૂર્ણ ઉકેલ લાવવાની તરફેણ કરી છે. પ્રાદેશિક સુરક્ષાના દૃષ્ટિકોણથી દક્ષિણ કોકેસસ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા મહત્ત્વપૂર્ણ છે."

**નવી દિલ્હી**
**મે 19, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.